મોડાસા સહીત તાલુકા મથકે ત્રિરંગા યાત્રા યોજાઈ

જીલ્લાના પ્રજાજનો દેશભક્તિના રંગે રંગાયા

અરવલ્લી, તા.૧૦

આપણો દેશ આઝાદી ના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે,આઝાદીના અમૃત મહોત્સવને લઈ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા સહિત તમામ તાલુકાઓમાં ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જિલ્લાના મુખ્ય મથક મોડાસાના ઉમિયા મંદિરે થી ત્રિરંગા યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું,આ ત્રિરંગા યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી,,દેશવાસીઓમાં દેશ ભાવના અને રાષ્ટ્રપ્રેમ વધે તે માટે આ ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી હતી,,આ ત્રિરંગા યાત્રામાં લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા..

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ભિલોડા નગરમાં ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રા નિકળી હતી. ભારતીય જનતા પાર્ટીના સંગઠન આગેવાનો તાલુકા પંચાયતના સદસ્યો,જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકામાંથી સરપંચો મહિલા મોરચાના કાર્યકરો અને દેશ પ્રેમી જનતા ખૂબ જ મોટી સંખ્યામાં હાજરી આપી ભારત માતાના જય જયકારાના ગગનભેદી નારાઓ પોકારી તિરંગા યાત્રાને સફળ બનાવી હતી.

ધાનેરામાં ચાલુ વરસાદે મહોરમ નિમિત્તે તાજીયાનુ નીકળ્યું ઝુલુશ

ધાનેરા શહેરમાં હજરત ઈમામ હુસૈનની શહાદતની યાદમાં મહોરમ તાજીયાનુ ઝુલુશ ચાલુ વરસાદે નીકાળવામાં આવ્યું હતું . હજરત ઈમામ હુસૈનની શહાદતને યાદ કરીને મુસ્લિમ સમાજના લોકો રોજા રાખી દશ દિવસ સુધી કાળા કપડાં પહેરીને લોહિયાળ માતમ કરે છે. દશ મોહરમ આશુરાના દિવસે ધાનેરા મુસ્લિમ સમાજના લોકોએ ઈમામ હુસૈનની યાદમાં તાજીયાનુ ઝુલુશ કાઢી માતમ મનાવ્યો હતો. મહોરમની નવમી તારીખે રાત્રે તેમજ દશમી તારીખે દિવસે લાયબ્રેરી ચોક ઈમામ ઘરથી લીમડાચોક મેમણવાસ મહેતાવાસ વોરવાસ નગરપાલિકા ચોક સુધી ઢોલ નગારા અને યા હુસેનના નારાઓ સાથે ઝુલુશ ફેરવીને કબ્રસ્તાનમાં તાજીયાને ઠંડા કરવામાં આવ્યા હતા. તાજીયાના જુલુશ સમયે મુસ્લિમ બિરાદરો દ્વારા ઠેર ઠેર શરબત અને પાણીની પરબો બનાવવામાં આવી હતી. તાજીયાના જુલુસમાં ખુબજ મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ સમાજની એકતાના દર્શન થયા હતા. ધાનેરા મુસ્લિમ સમાજના આગેવાનોની સલાહ હેઠળ સમગ્ર મહોરમ કમીટીનુ સંચાલન મહેબુબખાન બેલીમ તેમજ આદીલશા શાઈની આગેવાની હેઠળ ધાનેરા મહોરમ કમિટીના સભ્યોએ તેમજ મુસ્લિમ સમાજના યુવાનોએ સુંદર આયોજન કર્યુ હતું. જયારે ધાનેરા પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી ડી.બી.ડોડીયા દ્વારા તાજીયાના ઝુલુશ દરમિયાન રાત્રે તેમજ દિવસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

બાયડમાં તિરંગા યાત્રા, વંદે માતરમ્ અને ભારત માતા કી જય..ના નારા ગુંજયા

સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ યાત્રામાં જોડાયા

આન, બાન અને શાન સાથે બુધવારે બાયડના વિશ્રામ ગૃહ થી પોલીસ સ્ટેશન સુધીના દોઢ કી.મી. લાંબા વિસ્તારમાં તિરંગા યાત્રા યોજાતાં વંદે માતરમ્ અને ભારત માતા કી જય ના નારા ગુંજયા હતા.

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તિરંગા યાત્રાનું આહવાન કર્યા પછી અરવલ્લી જિલ્લામાં પણ પ્રજામાં તિરંગા યાત્રાને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાયડમાં તા.૧૦ ઑગષ્ટે વરસતા વરસાદ વચ્ચે પણ યોજાયેલી તિરંગા યાત્રાને પ્રજાનું ભારે સમર્થન મળ્યું હતું જેમાં અરવલ્લી જિલ્લા સંગઠન તેમજ બાયડ શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, બાયડ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ શિલ્પાબેન કે. પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ નેહાબેન પટેલ, જિલ્લા મહિલા મોરચા મંત્રી ચંદ્રીકાબેન ભાટી, પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ પટેલ, ધવલસિંહ ઝાલા, અદેસિંહ ચૌહાણ, મફતલાલ પટેલ, હિતેન્દ્રસિંહ તખતસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ યુવા મોરચા મંત્રી તપન પટેલ, જિલ્લા યુવા મોરચા કારોબારી સભ્ય કર્મવીર ચૌધરી, જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ ભૂપતસિંહ સોલંકી, જિલ્લા સંગઠન મંત્રી રાહૂલપૂરી ગોસ્વામી, મંત્રી ચંદ્રીકાબેન શાહ, બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર હર્ષદભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, પ્રકાશભાઈ સોલંકી, કંચનબેન પટેલ, લાયન્સ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ અતુલભાઈ જોષી, સુનિલ રાઠોડ, બાયડ શહેર સંગઠન ઉપપ્રમુખ ભલુભાઈ બી. પટેલ, જિલ્લા સંગઠન પૂર્વ મંત્રી મણીલાલ પંચાલ, જિલ્લા કારોબારી સભ્ય કિરીટભાઈ પટેલ(અરજણવાવ), ધનજીભાઈ દેસાઈ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગર એસ. પટેલ, બાયડ તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ સહિત વિવિધ મોરચાના અગ્રણીઓ અને આમપ્રજાજનો તિરંગા યાત્રામાં જોડાયા હતા.

પાલનપુરમાં ધીરધારને છેતરવા આવેલ બંટી બબલી ઝડપાયા...

ધીરધાર વેપારીની તપાસ ચેઇનો નકલી જણાતા પોલીસ બોલાવી બંટી બબલી કસ્ટડીના હવાલે કરાયા

પાલનપુર તા.૧૦

પાલનપુરની મોટી બજાર ચોકમાં આવેલ એક ધીરધાર વેપારીને નકલી સોનાની બે ચેઇન પધરાવવા આવેલ રાજસ્થાન ના બંટી બબલી વેપારીની સજાગતા થી ઝડપાઈ જવા પામ્યા હતા. એક પુરુષ અને સ્ત્રી પોતે પતિ પત્નીનો ઓળખ આપી માતાની બીમારીને લઈ પૈસાની જરૂર હોય સોનાની બે નકલી ચેઇન ગીરવે મુકવા આવ્યા હતા જોકે વેપારીની તપાસમાં સોનાની ચેઇનો નકલી હોવાનું જણાય આવતા આ બંટી બબલીને પોલીસના હવાલે કરાયા હતા. પાલનપુરના મીની અંબિકા નગરમાં રહેતા અને મોટી બજાર ચોકમાં નાણાં ધીરધારની દુકાન ધરાવતા રમેશકુમાર લહેરચંદ કોઠારી (જૈન) નામના વેપારી શુક્રવારના દિવસે પોતાની દુકાન પર બેઠા હતા દરમ્યાન એક પુરુષ અને મહિલા આ દુકાને આવી જણાવેલ કે મારી માતા પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં દાખલ હોઈ તેને અમદાવાદ રીફર કરવાની હોય સોનાની બે ચેઇન રૂ.૧.૬૦ લાખમાં ગીરવે મુકવા આવ્યા છીએ જેને વેપારીએ ૪૭ ગ્રામ વજન ની બે ચેઇન લઈ બાજુ ની પેઢી માં આ ચેઇન ની ખરાઈ અંગે તપાસ કરાવતા આ બન્ને ચેઇન નકલી હોવાનું માલુમ પડતા વેપારીએ પૂર્વ પોલીસ ને જાણ કરતા પોલીસ દુકાન પર દોડી આવી હતી અને વેપારીને સોનાના નામે નકલી ચેઇન પધરાવી ઠગાઈ કરવા આવેલ રાજસ્થાન ના સ્વરૂપગંજના જીતેન્દ્રસિંહ જયસિંહ સોલંકી અને માઉન્ટઆબુની સંતોષકુંવર મદન સિંહ ભાટી નામની મહિલાને ઝડપી પાડી આ બન્ને બંટી બબલી વિરુદ્ધ શહેર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી

માતાની બીમારીનું કારણ બતાવી ઠગાઈ કરવા માટે આવ્યા હતા

રાજસ્થાન સ્વરૂપગંજનો આરોપી જીતેન્દ્રસિંહ જયસિંહ સોલંકી એ પોતાની માતા આઈસીયુમાં દાખલ હોઈ તેમને અમદાવાદ રીફર કરવા માટે પૈસાની જરૂર હોય ૪૭ ગ્રામ વજનની બે નકલી સોનાની ચેઇન ગીરવે મૂકી રૂ.૧.૬૦ લાખ લેવા આવ્યો હતો જે વેપારીની સજાગતાથી ઝડપાઈ જવા પામ્યો હતો

તત્કાલિન પીઆઇ બે પોલીસ કર્મી સાથે મળી સત્તાનો દૂર ઉપયોગ કરતા ગુનો દાખલ

પાલનપુરના પૂર્વ ધારાસભ્યની પત્ની સાથે છેતરપીંડી આચરાઈ

પ્લોટના પંચનામા પૂર્વે ફરિયાદી પર ખોટી ફરિયાદ કરાઇ હતી

પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા મુંજબ પ્લોટની છેતરપિંડી અંગે નવેમ્બર ૨૦૧૯ માં પાલનપુર સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરાયો હતો જેમાં કોર્ટ કમિશ્નર દ્વારા ૮ ડિસેમ્બર ૨૦૧૯ ના જગ્યાનું પંચનામું કરાયું હતું જેના એક દિવસ પહેલા આરોપીઓ દ્વારા તેમના પર ખોટી ફરિયાદ દાખલ કરાઈ હતી

કોની કોની સામે ગુનો દાખલ કરાયો

૧,મંજુલાબેન રશ્મિકાંત પટેલ રહે.એપોલા હાઉસ મહેસાણા
૨,જાગૃતિબેન નરેશભાઈ ચંદાણી રહે.ન્યુ મહેશ્વરી સોસાયટી માનસરોવર રોડ પાલનપુર
૩,નરેશભાઈ ચંદાણી રહે.ન્યુ મહેશ્વરી સોસાયટી માનસરોવર રોડ પાલનપુર
૪,સોલંકી પીઆઇ (તત્કાલીન) શહેર પશ્ચિમ પોલીસ મથક પાલનપુર
૫,વિનોદભાઈ ચૌધરી, તત્કાલીન પોલીસ કર્મી પશ્ચિમ પોલીસ મથક પાલનપુર
૬,પ્રવિણભાઈ, તત્કાલીન પોલીસ કર્મી પશ્ચિમ પોલીસ મથક પાલનપુર

તત્કાલીન પીઆઇએ ગાડીમાંથી કાગળો અને પૈસા કાટી લીધા

એફઆઈઆરમાં જણાવ્યા મુજબ પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકના તાત્કાલિન પીઆઇ સોલંકીએ પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ ને ધમકી આપી તેમને ગાડી ના નાખી પોલીસ મથકે પોલીસ જાપતા માં રાખી તેમની ગાડી માંથી અગત્ય ના કાગળો અને ૪૫૦૦૦ રૂપિતા કાઢી લીધા હોવાનો ઉલ્લેખ કરાયો છે.

પાલનપુર તા.૧૦

પાલનપુરના પૂર્વ ધારાસભ્યની પત્નીના નામે આવેલ પ્લોટનો અડાણવટે દસ્તાવેજ કરવાના બદલે તેમની જાણ બહાર વેચાણ દસ્તાવેજ કરી છેતરપીંડી આચરવા અને આ છેતરપીંડી માં સત્તાનો દૂર ઉપયોગ કરી આરોપીઓ ને મદદગારી કરવા અંગે શહેર પશ્ચિમ પોલીસ મથકના તત્કાલીન પીઆઈ, બે પોલીસ કર્મી સહિત છ ઈસમો સામે ઠગાઈ કરવા અંગે ગુનો દાખલ કરવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ અંગે મળતી વિગતો પ્રમાણે પાલનપુરના એગોલા રોડ પર આવેલ શિવનગરમાં રહેતા ભાજપના પૂર્વ ધારાસભ્ય અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાળ સખા મિત્ર ગોવિદભાઈ માધવલાલ પ્રજાપતિની પત્ની લીલાબેન પ્રજાપતિના નામેએગોલા રોડ પર સર્વેનંબર ૫૩૪ માંપ્લોટ આવેલ છે જે પ્લોટ નો મહેસાણાના એપોલો હાઉસમાં રહેતા મંજુલાબેન રશ્મિકાંત પટેલ, પાલનપુરના માનસરોવર રોડ પર રહેતા જાગૃતિબેન નરેશભાઈ ચંદાણી અને નરેશભાઈ ચંદાણીએ ૨૮ માર્ચ ૨૦૧૭ના રોજ પ્લોટનો અડાણવટે દસ્તાવેજ કરવાના બદલે વેચાણ દસ્તાવેજ કરી છેતરપીંડી આચરી હતી અને આરોપીઓ પ્લોટમાં ગેરકાયદેસર પ્રવેશ કરી પ્લોટમાં આવેલ છાપરું તોડી પાંચ હજાર ઈંટો ટેક્ટરની ટ્રોલીમાં ભરાઈ છેતરપિંડી આચારી હતી જે અંગે આરોપીઓ સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે છેતરપિંડીનો ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો. જેમાં તત્કાલીન પીઆઇ સોલંકી અને વિનોદભાઈ ચૌધરી તેમજ પ્રવિણભાઈ નામના પોલીસ કર્મી ઓએ સત્તા નો દુરુપયોગ કરી આરોપીઓ ને મદદગારી કરી ગોવિંદભાઈ પ્રજાપતિ અને તેમના ડ્રાઈવરને પ્લોટ પર ધમકી આપી ગાડી માં બેસાડી પોલીસ મથકે પોલીસ કબ્જા માં રાખી તેમની ગાડી માંથી અગત્યના કાગળો અને ૪૫ હજાર કાઢી લીધા હોવા અંગે શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

બળતણના લાકડાની આડમાં ઘુસાડાતો દારૂ

શામળાજી પોલીસે પીકઅપ ડાલામાંથી ૧.૪૪ લાખનો દારૂ જપ્ત કર્યો : બુટલેગરને દબોચ્યો

અરવલ્લી, તા.૧૦

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દેશી-વિદેશી દારૂની રેલમછેલ અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક પીકઅપ ડાલામાં બળતણના લાકડાની આડમાં ૧૨૦૦ વિદેશી દારૂના બીયરના ટીનનો જથ્થો જપ્ત કરી ૩.૪૮ લાખનો મુદ્દામાલનો જથ્થો જપ્ત કરી પીકઅપ ડાલાના ચાલકે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા પીકઅપ ડાલામાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા પોલીસે નાકબંધી કરી પીકઅપ ડાલાને અટકાવી તલાસી લેતા પીકઅપ ડાલામાં જલાઉ લાકડાની નીચે સંતાડેલ વિદેશી દારૂના બિયર ટીન-૧૨૦૦ કીં.

૩.૧.૪૪ લાખનો જથ્થો જપ્ત કરી મોબાઈલ, પીકઅપ ડાલું, વિદેશી દારૂ મળી કુલ રૂ.૩.૪૮ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી પીકઅપ ડાલા ચાલક પ્રેમલાલ બોતુલાલજી જાટ (રહે,ખેડા ભાનસોલ, માવલી-રાજ) ને દબોચી લઈ પીકઅપ ડાલામાં વિદેશી દારૂ ભરી આપનાર બુટલેગર વિજય જાટ (રહે, પલીચરા, રાજસમંદ- રાજ) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

બનાસકાંઠા જિલ્લાના થરાદની ઘૃણાસ્પદ ઘટના

ગાય સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરનાર આરોપીની સામે પોલીસમાં ફરીયાદ

થરાદ, તા.૧૦

હાલમાં એક તરફ લમ્પી વાયરસના કારણે ગાયોના ટપોટપ મોત થઈ રહ્યા છે. તો બીજી તરફ બનાસકાંઠામાં પવિત્ર શ્રાવણ મહિનામાં કળિયુગની પરાકાષ્ઠા સમાન ઘૃણાસ્પદ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં જિલ્લાના થરાદમાં માતા ગણાતી ગાય સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવ્યું છે. ગાય સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કાર્ય કરનાર વિધર્મી યુવક સામે ફરિયાદ પણ દાખલ થઈ છે.

આ મામલે એવી વિગતો પણ સામે આવી રહી છે કે થરાદમા મુલુપુર ગામ પાસે ભારત માલા રોડ પર આ ઘટના બની હતી. જેમાં થરાદ પોલીસે વિધર્મી આરોપી સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. થરાદના મુલુપુર ગામ પાસે ભારતમાલા રોડનું કામ કરતી રવિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીમાં કામ કરતાં વિધર્મી યુવકે રાત્રી દરમિયાન ગાય સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતુ. તેમાં કંપનીનો અન્ય માણસ વિધર્મી યુવકને જોઈ જતાં તેણે અન્ય વ્યક્તિઓને વાત કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે. થરાદ પોલીસે રાજસ્થાનના આરોપી વિધર્મી યુવક સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી પર ચોમેરથી ફિટકાર વરસાવી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લી રામાણી પરિવાર પ્રમુખ નિમાયા...

ગાંભોઈ, તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કચ્છ કડવા પાટીદાર સનાતન રામાણી પરિવારની બેઠક હિંમતનગર ખાતે મળી હતી. જેમાં મોડાસાના ઈશ્વરભાઈ રામાણીની સર્વનુંમતે સાબરકાંઠા- અરવલ્લી પ્રદેશ સનાતન રામાણી પરિવારના પ્રમુખ તરીકે નીમવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી બનવા માટે રાહુલ ગાંધીની એકમાત્ર લાયકાત કે તેઓ ગાંધી પરિવારના છે....

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૦

ટીવી મીડિયાની ડિબેટ જોવાનો પણ એક લહાવો છે. કોણ કેટલા પાણીમાં છે તે સામાન્ય જનતા પણ બહુ સરળતાથી જાણી શકતી હોય છે. કોંગ્રેસ પ્રવક્તાઓ અને ટીવી ડીબેટમાં બેસનાર નેતાઓ લાખ બચાવ કરે પણ રાહુલ ગાંધીને દેશની જનતા પ્રધાનમંત્રી તરીકે સ્વીકારવા તૈયાર નથી!! લોકોનું તો એટલે સુધી માનવું છે કે રાહુલ ગાંધીમાં એવી એકપણ ખૂબી નથી કે ભારતની જનતા તેમને હોંશે હોંશે પ્રધાનમંત્રી તરીકે સ્વીકારી લે!! પરંતુ આ વાત કોંગ્રેસના પ્રવક્તાઓ સ્વીકારવા તૈયાર નથી... તેમનું તો એવું માનવું છે કે "રાહુલજી" જેવો કોઈ નેતા નથી કે જે દેશના સર્વોચ્ચ પદને શોભાવે!! રાહુલ ગાંધીએ સતત પોતાની અને પક્ષની બંનેની ગરિમાને નુકસાન સિવાય કોઈ કામ કર્યું નથી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ કોંગ્રેસને ફાયદો કર્યો એના કરતાં નુકસાન વધુ કર્યું છે... એવું જરૂરી નથી કે ઈન્દિરાજી સ્માર્ટ નેતા હતા તો તેના વંશજો પણ સ્માર્ટ હોય!! પરંતુ આ વાત ગાંધી પરિવારની વાહ વાહમાં પરોવાયેલા કોંગ્રેસ નેતાઓને ખબર પડતી નથી...

ઈન્દિરાજી પછી કોંગ્રેસનું નેતૃત્વ અન્ય કોઈ નેતાને સોંપવામાં આવ્યું હોત તો તે ભાજપને જરૂર ટક્કર આપત પરંતુ ગાંધી પરિવારના મોહમાં પડેલા કોંગ્રેસીઓ ખુદ કોંગ્રેસની નૌકા ડુબાડી બેઠા તેવું દેશની જનતાનું માનવું છે. ટીવી ડિબેટ ઉપર સ્માર્ટ પત્રકાર રાહુલ ગાંધીની વિશેષતા પૂછે છે ત્યારે કોંગ્રેસ પ્રવક્તા પાસે કોઈ જવાબ નથી અને તે ક્યાંથી રાહુલજીની ખૂબી બતાવી શકે?? રાહુલ ગાંધીને નથી ભારતની ભૂગોળની ખબર કે નથી ભારતના ઈતિહાસની ખબર!! હિન્દુસ્થાનના હિન્દુત્વને રાહુલ ગાંધી ક્યાંથી ઓળખી શકે? ભારત એક એવો દેશ કે જ્યાં આજેય ગોત્ર પૂછીને વિવાહ થાય છે ત્યારે રાહુલ ગાંધીને ખરેખર "ગોત્ર" શુ છે એ જ ખબર નથી ત્યારે તે હિન્દુત્વ ને ક્યાંથી ઓળખી શકે?? ભારતનો સાંસ્કૃતિક વારસો કે પ્રજાની રુચિ અરુચિ કે વાર તહેવાર રાહુલજીની સમજ બહારની વાત છે... માત્ર ચૂંટણી સમયે કપાળે તિલક લગાવનાર રાહુલજીને માથે મુસ્લિમ ટોપી જ શોભે અને તે એને લાયક છે તેવું લોકોના મોઢે મેં સાંભળ્યું છે.

રાહુલ ગાંધી સિવાય કોંગ્રેસ જોડે અસંખ્ય નેતાઓ હતા અને તેઓ સોનિયાજી કે રાહુલજીથી પણ વધુ લાયક હતા પરંતુ આ તમામ નેતાઓને શિશામાં પુરીને બુચ મારી દેવાયું છે તે આજના કોંગ્રેસીઓને ક્યાં ખબર નથી ? કૃષિપ્રધાન ભારત દેશમાં રાહુલ ગાંધીને કૃષિનું બિલકુલ જ્ઞાન નથી કે નથી જ્ઞાન ડુંગરમાં વસવાટ કરતી આદિવાસી જનજાતિનું!! ભારતની જનતા એ સંવેદનશીલ છે અને તેમની સંવેદનાની યુરોપ કલચરમાં વિશ્વાસ રાખતા રાહુલ ગાંધીને ક્યાંથી ખબર હોય?? માત્ર જાતિ-જાતિનું ગણિત માંડીને કોંગ્રેસ ચૂંટણી જીતતી હતી અને તેનો ભાંડો મોદીજીએ ફોડી નાખ્યો અને કોંગ્રેસ ખુલી પડી ગઈ!! દેશની પ્રજામાં કંઈક કરવાનું જોમ અને ઝનૂન પેદા કરવાનું કામ દેશના રાજાએ કરવું જોઈએ ત્યારે જનતાને ઉભી કરવાને બદલે જનતા લાચાર અને બિચારી હોય એમ મફતનો ટુકડો ફેકી અને લાચાર બનાવનાર ખુદ કોંગેસ છે. કેજરીવાલ કોંગ્રેસની કોપી કરીને દેશ ઉપર રાજ કરવાના સપના જુવે છે...

અતિ વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ સતત વિવિધ સાંપ્રદાયિક ધર્મગુરુઓ જોડે વાર્તાલાભ કરતા મોદીજી ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે છે તે વાત સ્વીકારવા કોંગ્રેસ તૈયાર નથી એટલે જ કોંગ્રેસ સતત ઘસાતી જાય છે અને આજ રીતે કોંગ્રેસ આગળ વધશે તો બહૂજ જલ્દી કોંગ્રેસનું નામોનિશાન મિટી જશે તે નક્કી છે!! ગાંધી બ્રાન્ડ છોડવા કોંગ્રેસી લોકો તૈયાર નથી અને વાસ્તવિકતાનો સ્વીકાર કરવો નથી ત્યારે કોંગ્રેસનું બચવું શક્ય નથી... અને જ્યાં સુધી જનતાની પસંદ નાપસંદનો વિચાર મોદીજી કરી રહ્યા છે ત્યાં સુધી તેમને હટાવવા શક્ય નથી... ભલે મફતનું આપવાની કોઈ વાત કરે કે પછી જાતિવાદનું ગણિત લગાવે કે પછી મોંઘવારીનું બહાનું લઈને આવે પણ રાષ્ટ્રવાદ કોઈને જીતવા નહિ દે તેવું થર્ડ અમ્પાયરનું દ્રઢપણે માનવું છે.

જાંબુડી હાઈસ્કુલ દ્વારા તિરંગા રેલી યોજાઈ

ગાંભોઈ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાની શ્રી જે.એમ.કોટડિયા સાર્વજનીક હાઈસ્કૂલ,જાંબુડી-રામપુર દ્વારા આઝાદીના અમ?ત મહોત્સવ અંતર્ગત તિરંગા રેલી યોજાઈ હતી. જેમાં શાળાના આચાર્યશ્રી અજયસિંહ ચંપાવત, શિક્ષકો, બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

રૂપાલ છત્રેશ્વર મંદિરે સવા લાખ શિવલિંગનું પૂજન

ગાંભોઈ, તા.૧૦.

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે પુરાણા છત્રેશ્વર મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મંદિર પરિસરમાં પ્રતિદિન સવા લાખ શિવલિંગ બનાવી મુખ્ય યજમાન અગ્રણી ભરતસિંહ રહેવર, મહેન્દ્રસિંહ રહેવર, ધનરાજસિંહ રહેવર તેમજ જયરાજસિંહ રહેવરના હસ્તે શિવ મહાપૂજન કર્યા બાદ વિસર્જન કરાય છે.